# કોંગ્રેસમાં રાહુલ માટે તખ્તો ગોઠવાયો

જયપુર,તા. ૧૯

રાહુલ ગાંધીને વધુ મોટી જવાબદારી સોંપવામાં આવશે તેવી ચર્ચા વચ્ચે હવે એવી અટકળો ચાલી રહી છે કે કોંગ્રેસના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે રાહુલ ગાંધીને પ્રોજેક્ટ કરવા કોંગ્રસના કેટલાક નેતાઓ દ્વારા રજુઆત કરવામાં આવી છે. પક્ષની ચિંતન શિબિરમાં કોંગ્રેસના નેતાઓએ આ મુજબની ઈચ્છા વ્યક્ત કરી હતી. કેન્દ્રિય પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયા, રાજીવ શુક્લા, જિતિન પ્રસાદ, વરિષ્ઠ નેતા મણિશંકર ઐયર દ્વારા રાહુલને વધુ મોટી જવાબદારી સોંપવા માટે પણ રજુઆત કરવામાં આવી હતી. પક્ષે એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે નવી બદલાઈ રહેલી પરિસ્થિતિમાં રાહુલ ગાંધીને મોટી જવાબદારી સોંપવામાં આવે તે જરૂરી છે. વધુ યુવા પેઢી આગળ આવે તે જરૂરી છે. યુવા નેતા મિલિંદ દિયોરાએ કહ્યુ હતુ કે શિબિરમાં એવી સર્વસંમતિ હતી કે યુવા લોકોને વધુ શક્તિ અને વધુ સત્તાઓ સોંપવામાં આવે તે અતિ જરૂરી છે. ચિંતન શિબિરના પ્રથમ દિવસે પણ રાજ બબ્બર અને અવતારસિંહ સહિતના નેતાઓએ એવી માંગ કરી હતી કે રાહુલને કોંગ્રેસના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવા જોઈએ. આગામી લોકસભાની ચૂંટણીમાં પક્ષ મેદાનમાં ઉતરે તે પહેલા રાહુલને વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે જાહેર કરવા જોઈએ. રાહુલ ગાંધી વર્ષ ૨૦૧૪માં યોજાનારી ચૂંટણી દરમિયાન પક્ષનું નેતૃત્વ કરનાર છે. પક્ષના વરિષ્ઠ નેતા સંજય નિરુપમે



કહ્યુ હતુકે બે દિવસ દરમિયાન ચર્ચા આ મુદ્દે થઈ છે. ઉત્તર પ્રદેશના નેતા જિતિન પ્રસાદે કહ્યુ હતુ કે પરિસ્થિતિ ઉપર ચર્ચા કરવામાં આવી રહી છે. યુવાનોની ભાગીદારી કઈ રીતે વધે તેની ખાતરી કરવામાં આવી છે. રાહુલ ચોક્કસપણે અમારા નેતા છે. તેઓ ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસનું નેતૃત્વ કરશે. કેન્દ્રિય પ્રધાન વિરપ્પા મોઈલીએ કહ્યુ હતુ કે રાહુલ પહેલાથી જ અમારા નેતા છે. અમારી પાસે સ્થિર નેતાઓ છે. આ નેતાઓ પર અમને ગર્વ છે. કોંગ્રેસમાં હંમેશા મજબુત લિડરશીપ રહી છે. રાહુલને વધુ મોટી ભૂમિકાની માંગ અંગે પુછવામાં આવતા કેન્દ્રિય પ્રધાન રાજીવ શુક્લાએ કહ્યુ હતુ કે આ અંગે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી નિર્ણય કરશે. અમે માત્ર માંગ કરી રહ્યા છીએ.

# ડિઝલની કિંમતમાં ભાવ વધારાને પરત નહીં ખેંચાય : મોઈલી

જયપુર,તા. ૧૯

ડિઝલની કિંમતમાં ૪૫ પૈસાના તાજેતરમાં જ કરવામાં આવેલા ભાવ વધારાને પરત ખેંચવાનો પેટ્રોલિયમ પ્રધાન એમ વીરપ્પા મોઈલીએ આજે સાફ ઈન્કાર કર્યો હતો અને કહ્યુ હતુ કે પ્રવર્તમાન સ્થિતિમાં ભાવ વધારાને પરત ખેંચવામાં કોઈ પ્રશ્ન નથી. ભાવ વધારાને લઈને લોકોમાં નારાજગી હોવા છતાં આને પરત ખેંચવામાં આવશે નહીં. રાજસ્થાનના પાટનગર જયપુરમાં ચાલી રહેલી કોંગ્રેસના સેશનમાં હાજરી આપવા પહોંચેલા મોઈલીએ કહ્યુ હતુ કે રોલ બેકનો કોઈ પ્રશ્ન નથી. સરકારે બે દિવસ પહેલા જ ડિઝલની કિંમતમાં વધારો કર્યો હતો. ચાર મહિનાના ગાળા બાદ ડિઝલની કિંમતમાં લિટરદીઠ ૪૫ પૈસાનો વધારો કર્યો હતો. કાર અને ટ્રક માલિકો જેવા છુટક વપરાશકારો માટે લિટરદીઠ ૪૫ પૈસાનો વધારો કર્યો હતો જ્યારે ડિફેન્સ અને રેલવે દ્વારા યુઝ કરનારાઓ માટે રેટમાં વધુ વધારો કર્યો હતો. સબસિડી બિલમાં અંકુશ મુકવાના હેતુસર આ વધારો કરવામાં આવ્યો હતો. સેલટેક્સ અને વેટમાં સામેલ કરી દીધા બાદ છુટક વપરાશકારો માટે





ડિઝલની કિંમત ૫૦ પૈસા સુધી વધીને દિલ્હીમાં લિટરદીઠ ૪૭.૬૫ સુધી પહોંચી હતી. જ્યારે દેશમાં કુલ ડિઝલના વેચાણ પૈકી ૧૭.૭૭ ટકા વપરાશ કરનાર યુઝરોને દિલ્હીમાં લિટર દીઠ ૫૬.૮૮ રૂપિયા ચુકવવા પડશે. સરકારે ૧૭મી જાન્યુઆરીના દિવસે લેવામાં આવેલા નિર્ણયને પરત ખેંચી લેવાનો નિર્ણય કર્યો હતો. અલબત્ત સરાકરે સમય સમયે આવા જ પ્રમાણમાં ડિઝલની કિમતમાં વધારો કરવા ઓઈલ કંપનીઓને પરવાનગી આપી હતી. ડિઝલની કિંમતમાં થઈ રહેલા લિટરદીઠ રૂપિયના નવના નુકસાનને પહોંચી વલવા આ ભાવ વધારો કરવા મંજુરી આપવામાં આવી છે. મોઈલીએ કહ્યુ હતુ કે ડિઝલ અને પેટ્રોલની કિંમતને વર્ષ ૨૦૦૨માં ભાજપના નેતૃત્વમાં એનડીએ સરકાર દ્વારા અંકુશમુક્ત કરવામાં આવી હતી પરંતુ યુપીએ સરકારે ડિઝલની સબસિડી ચાલુ રાખી હતી. ડિઝલનો ઉપયોગ દેશમાં સૌથી વધુ પ્રમાણમાં કરવામાં આવે છે. એનડીએના દિવસો દરમિયાન અંકુશમુક્તિની દિશામાં સરકાર આગળ વધી હતી. રેલવે ઉપર આની અસર અંગે પુછવામાં આવતા મોઈલીએ કહ્યુ હતુ કે એકંદરે કોઈ માઠી અસર થશે નહીં કારણ કે ખરીદદારો મોટાભાગે અન્ય સાધનો અને ફ્યુઅલની ખરીદી કરે છે. રેલવે વાર્ષિકરીતે ૨.૪૨૮ મિલિયન ટન ડિઝલની ખરીદી કરે છે અને માર્કેટ કિંમતે આ ફ્યુઅલની ખરીદી કરવા માટે ૨૭ કરોડ વધુ રકમ આપે છે. જ્યારે રાજ્યપરિવહન દ્વારા માર્કેટ કિંમતે ૨.૧૯૧ મિલિયન ટન ડિઝલની ખરીદી કરવા માટે ૨૪૬૨ કરોડ રૂપિયા વધુ ચુકવવામાં આવે છે. ડિફેન્સ ત્રીજા સૌથી મોટા વપરાશકાર તરીકે છે. તે વાર્ષિક ૨૬૭૦૦૦ ટન ડિઝલ ખરીદવા માટે ૨૯૯ કરોડ વધારાના ચૂકવશે.

# ૩૦૭ મોટા રોડ પ્રોજેક્ટોને હજુય લીલીઝંડી મળી નથી

નવી દિલ્હી,તા. ૧૯

હાઈવે પ્રોજેક્ટ માટે પર્યાવરણની મંજુરી મળેવવામાં વિલંબ થયા બાદ ઘણી સમસ્યા ઉભી થયેલી છે. મળેલી માહિતી મુજબ ૩૦૭ રોડ પ્રોજેક્ટોને હજુ પણ પર્યાવરણની મંજુરી મળી શકી નથી જેના પરિણામસ્વરૂપે આ પ્રોજેક્ટો જ્યારે હાથ ધરાશે ત્યારે વધુ ખર્ચ કરવો પડશે.

કેન્દ્રિય પર્યાવરણ અને વન્ય મંત્રાલય તરફથી લીલીઝંડી ૩૦૭ પ્રોજેક્ટોને મળી શકી નથી. કેન્દ્રિય માર્ગ પરિવહન મંત્રાલયના એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે અનેક સંસ્થાઓની સંડોવણી અને જરૂરી ધારાધોરણોને આવરી લેતા ૩૦૭ કેસ છે જેમાં મંજુરી મળી નથી. પર્યાવરણની મંજુરી નહીં મળવાથી ઘણા પ્રોજેક્ટો અટવાઈ ગયા છે. સુપ્રીમ કોર્ટે ૨૦૧૧માં ચુકાદો આપ્યા બાદ પર્યાવરણ મંત્રાલયની પણ મંજુરી લેવી પડે છે. એવો દાવો પણ કરવામાં આવ્યો છે કે પર્યાવરણ અને વન્ય વિભાગની મંજુરીમાં ૩૦૦ દિવસ અને ત્રણ વર્ષનો સમય લાગે છે.

લાફાર્જ અંગે સુપ્રીમ કોર્ટે ૨૦૧૧માં ચુકાદો આપ્યા બાદ પર્યાવરણ મંત્રાલયે પર્યાવરણ મંત્રાલય સાથે સંબંધિત નવા આદેશ જારી કર્યા હતા. મંત્રાલય તરફથી જારી કરાયેલા પરિપત્રથી કેટલીક સમસ્યાઓ ઉભી થઈ હતી. પ્રોજેક્ટોમાં વિલંબ મુખ્યરીતે વન્ય મંજુરી સાથે સંબંધિત છે. સંબધિત ગામની ગ્રામસભા પાસેથી પણ એનઓસી મેળવવાની જરૂર હોય છે. આના પહેલા પર્યાવરણ મંજુરી મેળવવાની જરૂર હોય છે.

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના અધિકારીઓના કહેવા મુજબ ૨૨ હાઈવે પ્રોજેક્ટ છે જે મંત્રાલય તરફથી મંજુરીની રાહ જોઈ રહ્યા છે. એપ્રિલ ૨૦૧૧ બાદથી મોટાભાગના હાઈવે પ્રોજેક્ટ લીલીઝંડી મેળવી શક્યા નથી. બીજીબાજુ વન્ય અને પર્યાવરણ અધિકારીઓનું કહેવું છે કે અપૂરતા દસ્તાવેજો અને પેપર વર્કના કારણે પ્રોજેક્ટોમાં વિલંબ થઈ રહ્યો છે. અમને પેન્ડિંગ પ્રોજેક્ટોના સંબંધમાં નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા તરફથી પૂર્ણ દસ્તાવેજો મળ્યા નથી જેથી અધુરી માહિતીના આધાર પર મંજુરી આપી શકાય નહીં.

# સરબજીત પાકિસ્તાનની જેલમાંથી ટૂંકમાં જ મુક્ત

ચંદીગઢ, તા.૧૯

છેલ્લા ૧૦ દિવસથી ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવપૂર્વક સંબંધો ચાલી રહ્યા છે. પાકિસ્તાનની જેલમાં કેદ ભારતીય સરબજીતને લઈ ચિંતા તેના પરિવારજનોમાં વધી ગઈ છે. પરંતુ રાહત અને ખુશીના સમાચાર આવ્યા છે કે, સરબજીત ટુંકમાંજ મુક્ત થશે. પાકિસ્તાનની કોર્ટ લખપત જેલમાં કેદ ભારતીય નાગરિક સરબજીતસિંહનો પાકિસ્તાનમાં કેસ લડી રહેલ ઓવેસ શેખએ આજે કહ્યું હતું કે, સરબજીત ટુંકમાંજ ભારત આવશે. પોતાના પુસ્તક સરબજીતની અજીબ દાસ્તાનના વિમોચન માટે ઓવેસ શેખ ચંદીગઢ આવ્યા છે. આ પ્રસંગે તેમણે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, પાકિસ્તાનમાં કેદ સરબજીત ઝડપની જેલમાંથી મુક્ત થઈ ભારત આવશે. ભારત-પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવપૂર્વકના સંબંધો વચ્ચે પાકિસ્તાનમાં કેદ ભારતીય નાગરિક સરબજીતસિંહના વકીલ ઓવેસ શેખ હાલ ભારતમાં છે. ત્યાં તેઓ પોતાના પુસ્તક સરબજીતસિંહની અજીબ દાસ્તાન મારફતે સરબજીત સિંહની મુક્તિનું અભિયાન ચલાવી રહ્યા છે.

## નકસલી હુમલો : વાયુસેનાનું હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું

નવીદિલ્હી,તા.૧૯

નકસલવાદીઓએ છત્તીસગઢમાં ભારતીય વાયુસેનાનાં એક હેલિકોપ્ટરને નિશાન બનાવ્યું હતું. દુર્ઘટનાગ્રસ્ત થયેલાં હેલિકોપ્ટરને આપાત સ્થિતિમાં ઉતરવું પડ્યું હતું. નકસલ પ્રભાવિત ક્ષેત્રોમાં રાહત અને બચાવ કામગીરીમાં જોડાયેલું આ એમઆઈ-૧૭ હેલિકોપ્ટર નકસલીઓ દ્વારા કરાયેલા ફાયરિંગમાં ક્ષતિગ્રસ્ત થયું હતું. આ દુર્ઘટનામાં એક જવાન ગંભીરરૂપે ઘાયલ થયો હતો. હેલિકોપ્ટરને તિમલવાડા અને ચિતલગુફા વિસ્તારનાં ખેતરમાં ઉતારવામાં આવ્યું હતું.


વાયુસેનાનાં મુખ્યાલયે જણાવ્યું હતું કે, બે સીઆરપીએફ જવાનોનાં બચાવ મિશન પર જઈ રહેલાં આ હેલિકોપ્ટર પર લેન્ડિંગ દરમિયાન નકસલવાદીઓએ ફાયરિંગ કર્યુંહતું. પાયલોટે બચાવનાં પ્રયત્નને હેલિકોપ્ટરને બીજીતરફ વાળ્યું હતું પરંતુ બીજીબાજુથી પણ ગોળીબારી ચાલુ થઈ ગઈ હતી. આ ગોળીબારીમાં સીઆરપીએફનો એક જવાનો ઘાયલ થયો હતો અને હેલિકોપ્ટરની હાઈડ્રોલિક સિસ્ટમ ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી. સીઆરપીએફે તરત જ હેલિકોપ્ટરને સુરક્ષા ઘેરામાં લઈ લીધું હતું જેથી વધુ હાનિ નિવારી શકાય.

# ઝારખંડમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ

નવીદિલ્હી,તા.૧૯

રાજનૈતિક સંકટમાંથી પસાર થઈ રહેલાં ઝારખંડમાં આખરે રાષ્ટ્રપતિ શાસન લાગુ કરી દેવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ કેન્દ્રીય મંત્રીમંડળની ભલામણને મંજુર કરતાં રાષ્ટ્રપતિ શાસનને લાગુ કરવાનાં આદેશ પર હસ્તાક્ષર કરી દીધાં છે.

આ સમગ્ર ઘટનાક્રમ વચ્ચે કેન્દ્ર સરકારે રાજ્યપાલની સહાયતા માટે બે સલાહકારોની પણ નિમણૂંક કરી દીધી છે. શુક્રવારે પ્રણવ મુખર્જી કોલકાતામાં હોવાનાં કારણે ઝારખંડમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવા વિશે એક-બે દિવસનું મોડું થવાની શંકા વ્યક્ત થઈ રહી હતી પરંતુ સરકાર તરફથી રાષ્ટ્રપતિને કોલકાતામાં જ કેન્દ્રીય મંત્રીમંડળની ભલામણ કરતો પત્ર મોકલી દેવામાં આવ્યો હતો અને રાષ્ટ્રપતિએ પણ તેની પર હસ્તાક્ષર કર્યા હતાં. રાષ્ટ્રપતિ ભવનનાં એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું છે કે, પ્રણવ મુખર્જીની સહી થયા બાદ તરત જ



રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ થઈ ગયું છે. કેન્દ્ર સરકારે ઝારખંડના રાજ્યપાલ સૈયદ અહમદની સહાયતા માટે બે સલાહકારોની નિમણૂંક કરી છે, તેમાં એક સીઆરપીએફનાં પૂર્વ મહાનિર્દેશક કે.વિજયકુમાર અને પૂર્વ ગૃહસચિવ મધુકર ગુપ્તા છે. ઝારખંડમાં નકસલી હિંસાને જોતાં કે.વિજયકુમારની નિમણૂંકને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. નકસલ વિરોધી અભિયાનમાં કેન્દ્રીય ભૂમિકા નિભાવનાર સીઆરપીએફનાં મહાનિર્દેશકનાં પદ પરથી સેવાનિવૃત્ત થયા બાદ કે.વિજયકુમારને કેન્દ્રીય ગૃહમંત્રાલયમાં સુરક્ષા સલાહકાર બનાવવામાં આવ્યા હતાં. ઉલ્લેખનીય છે કે, સુરક્ષા સલાહકારરૂપે તેમને નકસલ વિરોધી અભિયાનની રણનીતિ બનાવવાની જવાબદારી સોંપવામાં આવી હતી. રાજ્યમાં ૮ જાન્યુઆરીએ ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ)એ આપેલું સમર્થન પાછું ખેંચ્યું હતું અને મુખ્યમંત્રી અર્જુન મુંડાએ રાજીનામું આપી દીધું હતું.જોકે અર્જુન મુંડાએ પણ રાજ્યપાલ સમક્ષ વિધાનસભા ભંગ કરીને રાજ્યમાં નવેસરથી ચૂંટણી કરવાની ભલામણ કરી હતી પરંતુ રાજયપાલ અહમદે તેમની માંગણીનો અસ્વીકાર કર્યો હતો. અંતમાં રાજ્યપાલે ગત અઠવાડિયે કેન્દ્ર સરકારને રાષ્ટ્રપતિ શાસન લાદવાની ભલામણ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાછલા ઘણાં દિવસોથી ઝારખંડમાં રાજકીય ગતિવિધિઓ અત્યંત તેજ બની હતી. ઝારખંડ મુક્તિ મોરચા, કોંગ્રેસ, અપક્ષ અને લાલુ પ્રસાદની આરજેડી સહિતનાં પક્ષો પોતપોતાનાં સમીકરણો ગોઠવવામાં વ્યસ્ત બન્યા હતાં પરંતુ આખરે તમામ અટકળો વચ્ચે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદી દેવામાં આવ્યું હતું.

# યુદ્ધવિરામનો પાકે ૨૦૧૨માં કુલ ૧૧૭ વખત ભંગ કર્યો

નવી દિલ્હી,તા. ૧૯

કાશ્મીરમાં પૂંચ સેક્ટરમાં શ્રીનગરથી આશરે ૧૭૫ કિલોમીટરના અંતરે સ્થિત મેનધાર શહેર નજીક પાકિસ્તાની સૈનિકો દ્વારા હુમલો કરીને બે ભારતીય જવાનોની ઘાતકી હત્યા કરવાના બનાવ બાદ ભારતીય સેના અને ભારત સરકાર હજુ પણ જુદા જુદા વિકલ્પો ઉપર ચકાસણી કરી રહી છે. વર્ષ ૨૦૧૨માં પાકિસ્તાન દ્વારા કુલ ૧૧૭ વખત યુદ્ધ વિરામનો ભંગ કરવામાં આવ્યો છે જે પૈકી આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર ૨૪ વખત અને અંકુશ રેખા ઉપર ૯૩ વખત યુદ્ધ વિરામનો ભંગ કરવામાં આવ્યો છે. બે ભારતીય જવાનોની હત્યા બાદ યુદ્ધ જેવી સ્થિતિ ઊભી થઈ ગઈ હતી અને તમામ વિકલ્પો ઉપર વિચારણા કરવામાં આવી હતી. ચિંતાજનક બાબત એ છે કે પાકિસ્તાને માત્ર અંકુશ રેખા ઉપર જ નહીં બલ્કે આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર પણ યુદ્ધ વિરામનો ભંગ કર્યો છે. જ્યારે આંકડા દર્શાવે છે કે ૨૦૧૨માં ઘૂસણખોરીના ૧૨૧ પ્રયાસો થયા છે જે ૨૦૧૧માં ૫૨ હતા. ભારત અને પાકિસ્તાન વચ્ચે હાઈટેન્શન લાઈન રહેલી છે. એક અગ્રણી અંગ્રેજી મેગેઝિને હાલમાં જ પશ્ચિમી મોરચા ઉપરપાકિસ્તાની સૈનિકો દ્વારા વારંવાર યુદ્ધ વિરામના ભંગ અંગે માહિતી આપવામાં આવી હતી. સાથે સાથે અંકુશ રેખા, આંતરરાષ્ટ્રીય સરહદ અંગે પણ વિગતવાર માહિતી આપી હતી. ગુજરાત, રાજસ્થાન, પંજાબ, જમ્મુના ઘણા ભાગ અને સમગ્ર કાશ્મીર, જમ્મુના કેટલાક ભાગમાં પાકિસ્તાન સાથે સરહદ જોડાયેલી છે. ભારત અને પાકિસ્તાનની સરહદની કુલ લંબાઈ ૩૩૨૩ કિલોમીટરની છે. જમ્મુ કાશ્મીરમાં મોટાભાગે સેના અને બીએસએફ દ્વારા સરહદ ઉપર ફરજ બજાવવામાં આવે છે પરંતુ અન્ય રાજ્યોના બીએસએફના જવાનો ફરજ બજાવે છે. પાકિસ્તાન દ્વારા વારંવાર યુદ્ધ વિરામનો ભંગ કરી સ્થિતિને જટિલ બનાવવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. અંકુશ રેખા પર યુદ્ધ વિરામના વારંવાર ભંગ બાદ સરકારને પણ તમામ વિકલ્પો ઉપર ચકાસણી કરવાની ફરજ પડી છે.

## સાનિયા અને બ્રાયનની મિક્સ્ડ જોડી જીતી ગઈ

મેલબોર્ન, તા. ૧૯

ભારતની સ્ટાર ટેનીસ ખેલાડી સાનિયા મિર્ઝા અને બોબ બ્રાયનની જોડી સીધા સેટોમાં જીત મેળવીને ઓસ્ટ્રિલયન ઓપનમાં આગેકૂચ કરી ગઈ છે. સાનિયા અને બોબ બ્રાયનની જોડીએ સામન્થા સ્ટોસર અને લુક સેવિલેની જોડી ઉપર જીત મેળવીને આગેકૂચ કરી ગઈ છે. ભારત અને અમેરિકન મિક્સ ડબલ્સની જોડીએ હરીફ જોડી ઉપર માત્ર ૫૦ મિનિટમાં ૬-૨, ૬-૨થી જીત મેળવી હતી. દરમિયાન પીઢ ખેલાડી મહેશ ભૂપતિની જોડી પણ પુરુષોના ડબલ્સમાં ત્રીજા રાઉન્ડમાં પહોંચી ગઈ છે. ભૂપતિ અને તેના કેનેડિયન પાર્ટનર ડેનિયલ નેસ્ટરની જોડીએ પોતાની હરીફ જોડી પર ૬-૧, ૭-૬થી જીત મેળવી ત્રીજા રાઉન્ડમાં કૂચ કરી હતી.

## સમાચાર ઝલક

- ગુજરાતમાં સી.એન.જી. પર દેશભરમાં સૌથી વધુ વેટ લેવાય છે, સરકારને ભારે આવક થાય છે.
- સપ્તાહમાં જ એસ.ટી.ભાડા વધશે.
- ટ્રાફિક સર્કલમાં નેતાઓના પ્રતિમા નહીં મુકી શકાય, સુપ્રીમનો આદેશ.
- જૈન સાધુ-સાધ્વીજીઓ સવારે ૪ થી ૬ વાગ્યે પદયાત્રા ન કરે, ગૃહવિભાગની માર્ગદર્શિકા.
- દેશભરમાં ઠેર ઠેર વરસાદ-કરા પડ્યા, પહાડોમાં નવેસરથી હિમપાત.
- સૂરતને સુરક્ષિત રાખવા વીડિયો દિવાલ, દેશમાં પ્રથમ પ્રયોગ.
- સીરિયામાં નવી હિંસા ભડકી, મહિલાઓ, બાળકો સહિત ૧૧૮નાં મોત.
- વાહ રે કળિયુગ !!! છ-છ પુત્રોના મા-બાપને કોર્ટમાં ભરણપોષણ માટે દ્વાર ખખડાવ્યા.
- પાકિસ્તાનના વડાપ્રધાનના ભ્રષ્ટાચારના કેસની તપાસ કરતાં અધિકારનું રહસ્યમય મોત.
- મોઢેરા સૂર્યમંદિરમાં નૃત્ય કલાકારો સાંસ્કૃતિક ચેતના જગાવશે, ઉત્તરાર્ધ મહોત્સવ ઉજવાશે.
- સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પી.કે.ત્રિવેદીની લંડનમાં તાલીમ માટે પસંદગી.
- દિલ્હી બળાત્કાર કેસને ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ટ્રાન્સફર કરાયો, ફાસ્ટ ટ્રેક કોર્ટ માટે ૨૦૦૦ ન્યાયાધીશોની નિમણૂંકને લીલીઝંડી.

## દરદી (વાર્તા) (પાના નં. ૪ નું ચાલુ)

ડૉ. દેસાઈનો અડધો મૂડ ત્યાં જ મરી ગયો.

'એટલે કે પનવાર અને સેવાગ્રામ જોવામાં તમે મને કંપની નહીં આપી શકો. એમ જ ને?' એમનાં અવાજમાં અસંતોષ છલકી રહ્યો. 'મને તો એમ કે થોડા કલાક સાથે ગાળીશું. ત્રણ ત્રણ વરસ પછી મળીએ છીએ. તમને ક્યાં સમય જ મળે છે મારા પત્રોનો જવાબ પાઠવવાનોય! મારે તમને કેટલો બધો ઠપકો આપવો હતો!'

ફરી એક વાર એ જ ત્રણ વરસ પહેલાનું ઝરણા જેવું હળુ હળુ હાસ્ય. અત્યારે એ પ્રત્યક્ષ હાજર નહોતી છતાં ડૉ. દેસાઈને ઉન્માદ ચડ્યો. નજીક હોત તો એના ગાલ પર ચૂંટી જ ખણી લીધી હોત. 'તને હસવું આવે છે. ને મારો અહીં જીવ જાય છે. વિનોબા ભાવે અને ગાંધીજી કરતાં મને વધારે રસ તને મળવામાં હોય, એટલું ય સમજતી નથી?' મન બોલ્યું. પણ હોઠ મૂંગા રહ્યા.

'ઠપકો શું, સજા કરવાનો હક્ક છે આપને!' સામેથી એ શબ્દો એના હાસ્યના પાઉચમાં પૅક થઈને આવ્યા. ડૉ. દેસાઈએ જોસથી એમની બેઉ હથેળીઓ એકમેક સાથે ભીંસી. દાંત કચકચાવ્યા. ભારતી જેવી રૂપાળી યુવતી ન ખમી શકે એવી સેક્સી ગાળ એમનાં હોઠ પર થીજી ગઈ.

નાગાર્જુન સરાયના પ્રાંગણામાં આટાંફેરા મારતા મારતાં એમને એક વિચિત્ર આઈડિયા આવ્યો. સવારની ફલાઈટ હતી અને રાત્રે કુલપતિ સાથે કેટલીક મહત્ત્વની અગંત કહેવાય એવી બાબતો વિશે ચર્ચા કરવાની હતી. રાતે હોસ્પિટલના અતિથિગૃહમાં રોકાઈ શકાય એવી શક્યતા જ ક્યાં રહી હતી? નહીંતર જરૂર છાતીમાં દુખાવો ઉપડ્યો છે - જેવું બહાનું કાઢી એને મદરાતે દોડાવી હોય. એને પણ ખબર પડત કે મહેમાનગતિ ક્યારેક કેવી મોંઘી પડી શકે!

...મનોમન એ ઘડીક પૂરતા એમના મનોજગતની મહાનાયિકા ભારતી શેગાંવકરના દરદી બની ગયા. આંખો મીંચીને ભજવવા ધારેલું દશ્ય નિહાળી રહ્યાં.

'સર!' ચોકિયાત દોડતો આવીને કહી રહ્યો હતો : 'આપકો લેને કે લિયે ગાડી આ રહી હૈ!'

ઊંઘમાંથી જાગ્યા હોય એમ એમણે ઝબકીને જોયું : સરાયની પોચમાં ગાડી પાર્ક કરીને એ હસતી હસતી એમના તરફ ડગ માંડી રહી હતી. ક્ષણ પૂરતાં સ્તબ્ધ થઈ ગયેલા ડૉ. દેસાઈ વળતી જ પળે સાવધ બની ગયા.

'મને ઉલ્લુ બનાવ્યો પણ હવે એનો વારો છે!' આંખોથી એની સામે નિશાન સાધતા ડૉ. દિવંગત દેસાઈએ એકાએક છાતીમાં કશોક ભાર અનુભવી રહ્યા હોય એમ એક હાશ છાતી સરસો દબાવી બીજો હાથ મદદ માટે લંબાવ્યો. ભારતી શેગાંવકરના ચહેરા પર વિલસી રહેલું સ્મતિ અચાનક ચિંતામાં ફેરવાઈ ગયું. એણે દોડીને એમનો હાથ પકડી લીધો : 'સર! - કંઈક દરદ જેવું લાગે છે તમને? છાતીમાં શૂળ ઊપડ્યું છે?'

અવાચક દિવંગત દેસાઈને પોતાની આગળ ઢગલો થઈ જતા જોઈ એ ચીસ પાડી ઊઠી : સ...ર!

એણે તાબડતોબ ડ્રાઈવર અને ચોકિયાતની મદદથી એમને આખેઆખા ઊંચકી ગાડીમાં સુવાડી દીધા અને ઉતાવળે હૉસ્પિટલના આઈસીયુ - ઈનચાર્જને ફોન કરવા લાગી : પાંચ-દસ મિનિટમાં જ એક વીઆઈપી પેશન્ટ સાથે પહોંચું છું. હાર્ટ ઍટેક આવ્યો લાગે છે... સંસ્થાના ગેસ્ટ છે...

વીજળીવેગે ગાડી યુનિવર્સિટીના ગેટ બહાર નીકળી ત્યાં પાછળની સીટ પર ભારતીના ખોળામાં સૂતેલા ડૉ. દિવગંત દેસાઈએ હસવું રોકીને આટલું જ કહ્યું 'અમને જણાવો કે દરદીનું નામ જ 'દિવંગત' થે... કદાચ હોસ્પિટલ પહોંચતાં સુધીમાં એ...'

- વાક્ય પૂરું કરતાં પહેલાં એ હસી પડ્યા.

'સર!ડ્રાઈવરની હાજરીમાં ભોંઠપ અનુભવી રહેલી ભારતી શેગાંવકરે મીઠું મલકીને પૂછ્યું : 'મીન્સ પહેલાં સીધાં જ પનવાર જઈએ, બરાબર?'

'ઍઝ યુ પ્લીઝ! દરદીને કોઈ ચૉઈસ થોડી હોય?'

- ને જવાબમાં એ જ ખળખળ ઝરણાં જેવું હાસ્ય. ડૉ. દિવંગત દેસાઈ કહેવા લાગ્યા : પેલા આઈસીયુવાળા ડૉકટરોને તો ખમૈયા કરવાનું જણાવો! - નાહક બિચારા દોડાદોડી કરી મૂકે તે પહેલાં!